Memorial Sloan Kettering Cancer Center

દદીર્ અને સંભાળદાતા શિક્ષણ

# તમારી વચ્યુર્અલ કોલોનોસ્કોપી માટે કેવી રીતે તૈયાર થવું

આ માહિતી તમને MSK ખાતે તમારી વચ્યુર્અલ કોલોનોસ્કોપી માટે તૈયાર થવામાં મદદ કરશે.

## તમારી વચ્યુર્અલ કોલોનસ્કોપી વિશે

વચ્યુર્અલ કોલોનોસ્કોપી (VC) એ કોલોરેક્ટલ કેન્સરના ચિહ્નો જોવા માટેનું એક પરીક્ષણ છે. તમારા ડૉક્ટર તમારા કોલોન (મોટા આંતરડા) અને ગુદામાગર્ (તમારા કોલોનનો છેલ્લો ભાગ) ના અસ્તરમાં પોલિપ્સની શોધ કરશે. પોલીપ્સ એ એવી વૃદ્દિધ છે જે સામાન્ય રીતે કેન્સરગર્સ્ત નથી પણ કેન્સર બની શકે છે. તમારા ડૉક્ટર કોઈપણ સમસ્યાઓ માટે તમારા પેડુ (પેટ) અને પેલ્વિસના ભાગોને પણ તપાસશે.

VC ને કેટલીકવાર કમ્પ્યુટેડ ટોમોગર્ાફી (CT) કોલોનોગર્ાફી પણ કહેવામાં આવે છે. તે તમારા કોલોન અને ગુદામાગર્ની અંદરના 3D ચિતર્ો લેવા માટે સીટી સ્કેનનો ઉપયોગ કરે છે. આ તમારા ડૉક્ટરને સ્કોપનો ઉપયોગ કયાર્ વિના તમારા આંતરડાની અંદર જોવામાં મદદ કરે છે. સ્કોપ એ નિયમિત કોલોનોસ્કોપી દરમિયાન ગુદામાગર્માં મૂકવામાં આવતી લવચીક નળી છે.

### કોલોરેક્ટલ કેન્સર અને પોલિપ્સ માટે સ્કરીનીંગ

કોલોરેક્ટલ કેન્સર અને પોલિપ્સ માટે સ્કરીનીંગ (તપાસ) 45 વષર્ની ઉંમરે શરૂ થવી જોઈએ. જો તમને કોલોરેક્ટલ કેન્સરનો કૌટુંબિક ઇતિહાસ હોય તો તમારા ડૉક્ટર તમને 45 વષર્ની ઉંમર પહેલાં સ્કરીન કરાવવાની ભલામણ કરી શકે છે. તેનો અથર્ એ છે કે રક્ત દ્વારા તમારા સંબંધી નજીકના કુટુંબના સભ્ય (માતાપિતા, ભાઈ-બહેન અથવા બાળકો) ને કોલોરેક્ટલ કેન્સર થયું છે.

જો તમારા ડૉક્ટરને મોટી પોલીપ અથવા વૃદ્દિધ જોવા મળે, તો તમારે તેને દૂર કરવા માટે નિયમિત કોલોનોસ્કોપી કરાવવાની જરૂર પડી શકે છે. મોટી પોલીપ 3/8 ઇંચ (1 સેન્ટિમીટર) અથવા મોટી હોય છે. મોટા પોલીપ્સ દૂર કરવા જોઈએ કારણ કે તે કેન્સરમાં પરિવતિર્ત થવાની સંભાવના વધારે છે.

## પર્કિર્યા પહેલા

### તમારી પર્ેપ કિટ લો

તમારા VC પહેલાં, તમારે તમારા કોલોનને સાફ (ખાલી) કરવાની જરૂર પડશે. આમ કરવા, તમારે **MSK ફામર્સીમાંથી** નીચેની વસ્તુઓ લેવાની જરૂર પડશે:

- બિસાકોડાઈલ (Dulcolax®) ની 2 (5 મિલિગ્રામ) ટેબ્લેટ્સ. તમને 10 ટેબ્લેટનું એક બોક્સ આપવામાં આવશે, પણ તમને માતર્ 2 લેવાની જરૂર પડશે.
- Iohexol (આયોહેક્સોલ) 350 ની 1 (50 મિલીલીટર) બોટલ (ઓમ્નિપેક®). આ એક કોન્ટ્રાસ્ટ ડાઈ છે જે તમારા VC દરમિયાન તમારા મોટા આંતરડાને જોવાનું આસાન બનાવશે.
  - આયોહેક્સોલને રેફ્રિજરેટરમાં ન મુકો.
  - બોટલને સીધા સૂયર્પર્કાશમાં સંગર્હિત કરશો નહીં.
- બેરિયમ સલ્ફેટ સસ્પેન્સન પર્વાહીની 1 (225 મિલિલીટર) બોટલ. આ એક અન્ય પર્કારની કોન્ટ્રાસ્ટ ડાઈ છે.
  - બેરિયલ સલ્ફેટને તમે રેફ્રિજરેટરમાં અથવા સામાન્ય ઓરડાના તાપમાનમાં રાખી શકો છો.
- 1 (8.3 ઔંસ અથવા 238 ગર્ામ) પોલિઇથિલિન ગ્લાયકોલ (MiraLAX ®) ની બોટલ.

તમને આની પણ જરૂર પડશે:

- લાલ, જાંબલી કે કેસરી ન હોય એવા કોઈપણ શુદ્ધ પર્વાહીના 64 ઔંશ. તમારે આને MiraLAX સાથે મિક્સ કરવાની જરૂર પડશે. તેને ઓરડાના તાપમાને રાખો.
  - Gatorade® (ગેટોરેડ) અથવા Powerade® (પાવરેડ) જેવું સ્પોટ્સર્ ડિર્ંક એ સારી પસંદગી છે. સ્પોટ્સર્ ડિર્ંક્સ ઇલેક્ટર્ોલાઇટ્સને બદલવામાં મદદ કરશે જે તમે આંતરડાની તૈયારી દરમિયાન ગુમાવશો.
  - જો તમને ડાયાબિટીસ છે તો સુગર-ફર્ી ક્લિયર પર્વાહી લો છે એની ખાતરી કરો.
- MiraLAX અને 64 ઔંસ સ્પષ્ટ પર્વાહીને મિશિર્ત કરવા માટેનું વાસણ અથવા બોટલ.

## તમારી દવાઓ વિશે પૂછો

તમારે તમારી સામાન્ય દવાઓ લેવાનો સમય બદલવાની જરૂર પડી શકે છે. આ એટલા માટે છે કે તમે તમારી અન્ય દવાઓ લેવાના સમયે તમારી આંતરડાની તૈયારીની દવા લેતા નથી. તમારી આંતરડાની તૈયારીની દવા લીધાના 1 કલાક પહેલા અથવા 1 કલાક પછી તમારી સામાન્ય દવાઓ લેવાની યોજના બનાવો. **જો તમને તમારા દવાના સમયનું આયોજન કરવામાં મુશ્કેલી આવી રહી હોય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને કૉલ કરો.**

### એન્ટીકોએગ્યુલન્ટ્સ (રક્ત પાતળું કરનાર)

બ્લડ થિનસર્ (રક્ત પાતળું કરનાર) એવી દવાઓ છે જે તમારા લોહીના ગંઠાવાની રીતને અસર કરે છે.

સામાન્ય લોહીને પાતળા કરનારના ઉદાહરણો નીચે દશાર્વ્યા છે. અન્ય પણ છે, તેથી ખાતરી કરો કે તમારી સંભાળ

લેનારી ટીમ તમે લો છો તે તમામ દવાઓ વિશે જાણે છે. **તમારી સંભાળ ટીમના કોઈ સભ્ય સાથે વાત કયાર્ વિના તમારી લોહી પાતળું કરવાની દવા લેવાનું બંધ કરશો નહીં.**

- એપિક્સાબન (Eliquis®)
- એસ્પિરિન
- સેલેકોક્સિબ (Celebrex®)
- સિલોસ્ટેઝોલ (Pletal®)
- ક્લોપિડોગરે્લ (Plavix®)
- ડેબીગાટર્ાન (Pradaxa®)
- ડેલ્ટેપરિન (Fragmin®)
- ડિપાયરિડામોલ (Persantine®)
- એડોક્સાબન (Savaysa®)
- એનોક્સાપરીન (લવનોક્સ®)
- ફોન્ડાપરિનક્સ (Lovenox®)
- હેપરિન (તમારી ત્વચાની નીચે આપવામાં આવેલ)
- મેલોક્સીકેમ (Mobic®)
- નોનસ્ટીરોઈડલ બળતરા વિરોધી દવાઓ (NSAIDs), જેમ કે આઇબુપર્ોફેન (Advil®, Motrin®) અને નેપર્ોક્સેન (Aleve®)
- પેન્ટોક્સિફેલાઇન (Trental®)
- પર્ાસુગરે્લ (Effient®)
- રીવારોક્સાબન (Xarelto®)
- સલ્ફાસલાઝીન (Azulfidine®, Sulfazine®)
- ટિકાગરે્લોર (Brilinta®)
- ટિન્ઝાપારિન (Innohep®)
- વોરફરીન (Jantoven®, Coumadin®)

## કોન્ટર્ાસ્ટ ડાઈ

કોન્ટર્ાસ્ટ એ એક વિશિષ્ટ ડાઇ છે જે તમારા ડૉક્ટર માટે તમારા શરીરની અંદરના અવયવોમાં તફાવત જોવાનું સરળ બનાવે છે. તમારા સ્કેન પહેલા તમને પીવા માટે ઓરલ કોન્ટર્ાસ્ટ મળશે. જો તમને ભૂતકાળમાં કોન્ટર્ાસ્ટ ડાઇની પર્તિકિર્યા (જેમ કે શિળસ) આવી હોય, તો તમારી સંભાળ ટીમને જણાવો. આમાં બેરિયમ અને આયોડિનેટેડ કોન્ટર્ાસ્ટનો સમાવેશ થાય છે.

જો તમે ઓરલ કોન્ટર્ાસ્ટ વગર VC લઈ રહ્યા હો, તો વાંચો \ *How to Get Ready for Your Virtual Colonoscopy Without Oral Contrast* (www.mskcc.org/cancer-care/patient-education/virtual-colonoscopy-without-oral-contrast).

## ડાયાબિટીસની દવા

- જો તમે ડાયાબિટીસ માટે ઇન્સ્યુલિન કે કોઈ બીજી દવા લેતા હો તો તમારે ડોઝમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. તમારી ડાયાબિટીસની દવા લખનાર આરોગ્યસંભાળ પર્દાતાને પૂછો કે તમારી પર્કિર્યાના આગલા દિવસે અને સવારે શું કરવું. તેમને કહો કે તમે તમારી પર્કિર્યાના આગલા દિવસે સ્પષ્ટ પર્વાહી આહારનું

પાલન કરશો.

- જો તમે તમારા બ્લડ સુગર (ગ્લુકોઝ) સ્તરનું નિરીક્ષણ કરતા હો, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને પૂછો કે શું તમારે તે જ મોનિટરિંગ શેડ્યૂલ પર રહેવું જોઈએ. જો તમારી બ્લડ સુગર 70 થી નીચે આવે તો તેમને કૉલ કરો.

## તમારી ત્વચા પરથી ઉપકરણોને દૂર કરો

તમે તમારી ત્વચા પર ચોક્કસ ડિવાઇસો પહેરી શકો છો. તમારું સ્કેન અથવા પર્કિર્યા પહેલાં, ડિવાઇસ બનાવનાર ભલામણ કરે છે કે તમે તમારા ડિવાઇસ ઉતારો:

- સતત ગ્લુકોઝનું મોનિટરિંગ (CGM)
- ઇન્સ્યુલિન પંપ

તમારે તમારા ઉપકરણને બદલવાની જરૂર હોય તે તારીખની નજીક તમારી અપોઇન્ટમેન્ટના શેડ્યૂલ વિશે તમારા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો. ખાતરી કરી લો કે તમારી પાસે તમારી સ્કેન અથવા પર્કિર્યા પછી ચાલુ કરવા માટે તમારી સાથે એક વધારાનું ઉપકરણ છે.

જ્યારે તમારું ડિવાઇસ બંધ હોય ત્યારે તમારા ગ્લુકોઝનું સંચાલન કેવી રીતે કરવું તે વિશે તમને ખાતરી ન હોઈ શકે. જો એમ હોય તો, તમારી એપોઇન્ટમેન્ટ પહેલાં, તમારી ડાયાબિટીસની કાળજીનું સંચાલન કરતા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો.

# તમારી પર્ોસીઝરના 3 દિવસ પહેલા

## ચોક્કસ પર્કારનો આહાર લેવાનું ટાળો

પચવામાં કઠિન હોય તેવો ખોરાક ન ખાવો. તેઓ તમારા આરોગ્યસંભાળ પર્દાતા માટે તમારા VC દરમિયાન લીધેલા ચિતર્ોમાં તમારા અંગોને જોવાનું મુશ્કેલ બનાવી શકે છે. જો આવું થાય તો તમારે ફરીથી પર્કિર્યા કરવાની જરૂર પડી શકે છે.

પચવામાં ભારે હોય એવા ખોરાકના ઉદાહરણો છે:

- કાચા ફળો અને શાકભાજી. રાંધેલા કે ડબ્બા-પેક તૈયાર હોય એવા શાકભાજી તમે લઈ શકો છો.
- કેનમાં મળતી મકાઈ સહિત આખી કનર્લ મકાઈ.
- પોપકોનર્ (ધાણી).
- બટાકાની છાલ.
- આખા અનાજ (જેમ કે ઓટમીલ, બર્ાઉન રાઇસ, ક્વિનોઆ અથવા ઘઉંની બર્ેડ).

- બીજ (જેમ કે ખસખસ અથવા તલ).
- નટ્સ.

# તમારી પર્ક્રિર્યાના એક દિવસ પહેલા

## તમારી MiraLAX બોવેલ પિર્પરેશન (આંતરડાની તૈયારી) તૈયાર કરો

તમારી પર્ક્રિર્યાના આગલા દિવસે સવારે, બધા 238 ગર્ામ MiraLAX (મિરાલેક્સ) પાવડરને 64 ઔંસ ઓરડાના તાપમાને સ્પષ્ટ પર્વાહી સાથે મિક્સ કરો. મિરાલેક્સ પાવડર ઓગળી જાય ત્યાં સુધી તેને મિક્સ કરો. મિરાલેક્સ ઓગળી જાય પછી, તમે મિશર્ણને રેફિર્જરેટરમાં મૂકી શકો છો. જ્યારે તે ઠંડુ થાય છે ત્યારે ઘણા લોકોને તેનો સ્વાદ વધુ સારો લાગે છે.

તમારી પર્ક્રિર્યા પહેલા દિવસની સવાર કરતાં વહેલા મિરાલેક્સને મિશિર્ત કરશો નહીં.

## તમારા આંતરડાની તૈયારી શરૂ કરો

તમારી આંતરડાની તૈયારી દરમિયાન, તમે રેચક અને કોન્ટર્ાસ્ટ દવાઓ લેશો. આ સૂચનાઓને કાળજીપૂવર્ક અનુસરો. તમારી VC માટે તમારું મોટું આંતરડું ખાલી હોય એ ખૂબ જ અગત્યનું છે. જો તમારા કોલોન (આંતરડા) ખાલી ન હોય, તો તમારા કોલોનની અંદર પોલિપ્સ અથવા અન્ય સમસ્યાઓ જોવાનું મુશ્કેલ બનશે. જો આવું થાય, તો તમારે ફરીથી પર્ક્રિર્યા કરવાની જરૂર પડી શકે છે.

જો તમને કોઈ પર્શ્નો હોય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાની ઑફિસમાં કૉલ કરો.

## શુદ્ધ પર્વાહી આહારને અનુસરો

તમારી પર્ોસીઝરના એક દિવસ પહેલા તમારે શુદ્ધ પર્વાહી આહાર લેવાનું ચાલું કરવાની જરૂર પડશે. સ્પષ્ટ પર્વાહી આહારમાં ફક્ત તે જ પર્વાહીનો સમાવેશ થાય છે જે તમે જોઈ શકો છો. તમે “ક્લીયર લિક્વિડ ડાયેટ (સ્પષ્ટ પર્વાહી આહાર)” કોષ્ટકમાં ઉદાહરણો શોધી શકો છો.

જ્યારે તમે સ્પષ્ટ પર્વાહી આહારનું પાલન કરો છો:

- કોઈપણ નક્કર ખોરાક ન ખાવો.
- તમે જાગતા હો ત્યારે દર કલાકે ઓછામાં ઓછું 1 (8-ઔંસ) કપ સ્પષ્ટ પર્વાહી પીવાનો પર્યાસ કરો.
- વિવિધ પર્કારના સ્પષ્ટ પર્વાહી પીવો. માતર્ પાણી, કોફી અને ચા પીશો નહીં.
- લાલ, જાંબલી કે નારંગી રંગનું કંઈપણ પીશો નહીં.

તમારા આંતરડાની સફાઈના દરેક પગલાં વચ્ચે તમારી ઈચ્છા મુજબ વધુમાં વધુ શુદ્ધ પર્વાહી પી શકો છો. રાતિર્ના સમયે શુદ્ધ પર્વાહી લેવાનું બંધ કરો.

| સ્પષ્ટ પર્વાહી આહાર | | |
|---|---|---|
| | પીવું ઠીક છે | શું ન પીવું |
| સૂપ | • સાફ સૂપ, બોઇલોન અથવા કોન્સોમ.<br>• ક્લિયર પેકેજ્ડ શાકભાજી, ચિકન અથવા બીફ બરોથ-મિક્સ. | • સૂકા ખોરાક અથવા પકવવાની પર્કિર્યાના ટુકડા સાથેના કોઈપણ ઉત્પાદનો. |
| ગળી વાનગી | • જિલેટીન, જેમ કે જેલ-ઓ®.<br>• ફ્લેવરયુક્ત બરફ.<br>• સ્વીટનસર્, જેમ કે ખાંડ અથવા મધ. | • લાલ, નારંગી અથવા જાંબલી રંગનું કંઈપણ. |
| પીણાં | • પાણી.<br>• ક્લિયર ફ્રૂટ જ્યુસ જેમ કે સફેદ કરેનબેરી, સફેદ દર્ાક્ષ, સફરજન.<br>• સોડા, જેમ કે જિંજર એલે, 7-અપ ®, સ્પર્ાઈટ® અને સેલ્ટઝર.<br>• સ્પોટ્સર્ ડિર્ંક્સ, જેમ કે ગેટોરેડ ®, અને પાવરેડ ® .<br>• બ્લેક કોફી.<br>• ચા.<br>• ક્લિયર પર્વાહી પર્ોટીન પીણાં. | • પલ્પ સાથેનો રસ.<br>• નેક્ટાર.<br>• સ્મૂધી અથવા શેક.<br>• દૂધ અથવા કર્ીમ.<br>• નશાકારક પીણાં.<br>• લાલ, નારંગી અથવા જાંબલી રંગનું કંઈપણ. |

## તમારા આંતરડા સફાઈના સમયપતર્કનું પાલન કરો

તમારા VCના આગલા દિવસ પહેલા તમારી આંતરડાની તૈયારીની દવા લેવાનું શરૂ કરો. આ વિભાગમાં રહેલ દવા લેવાના સમયપતર્કનું પાલન કરો.

તમારે તમારી સામાન્ય દવાઓ લેવાનો સમય બદલવાની જરૂર પડી શકે છે. જો તમે સામાન્ય રીતે તે સમયે તમારી દવાઓ લો છો જ્યારે તમે તમારી આંતરડાની તૈયારી માટેની દવાઓમાંથી કોઈ એક લેવા માંગતા હો, તો તમારી સામાન્ય દવાઓ 1 કલાક પહેલાં અથવા 1 કલાક પછી લેવાની યોજના બનાવો. **જો તમને તમારા દવાના સમયનું આયોજન કરવામાં મુશ્કેલી આવી રહી હોય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને કૉલ કરો.**

જો તમને કોઈ પર્શ્નો હોય, તો 212-639-7280 પર કૉલ કરો. જો ઑફિસ બંધ હોય, તો 212-639-2000 પર કૉલ કરો અને કૉલ પર રેડિયોલોજી બૉડી વ્યક્તિ માટે પૂછો.

## આંતરડાની સફાઈ કરવા માટેનું સમયપતર્ક

જે સમયે તમે દરેક દવા લો છો એની નોંધ કરવા આ રિસોસર્ના અંતમાં આપેલ ટેબલનો ઉપયોગ કરો. યાદ રાખો કે આ દરેક પગલાંઓ વચ્ચે તમે શુદ્ધ પર્વાહી પી શકો છો. રાતિર્ના સમયે શુદ્ધ પર્વાહી લેવાનું બંધ કરો.

### પગલું 1: બિસાકોડાઈલ ટેબ્લેટ્સ

**કોઈપણ સમયે સવારે 9 વાગ્યા પહેલા, 2 (5 મિલિગર્ામ) બિસાકોડિલ ગોળીઓ લો.**

- 1 (8-ઔંશ) ગ્લાસ શુદ્ધ પર્વાહી સાથે તેને લો.
- તેમને ચાવશો કે કચડશો નહીં.
- એન્ટાસિડ (હર્દયદાહ અથવા પેટમાં દુખાવો દૂર કરવા માટેની દવા) લીધાના 1 કલાકની અંદર તેમને ન લો. એન્ટાસિડ્સના ઉદાહરણોમાં કેલ્શિયમ કાબોર્નેટ (જેમ કે ટમ્સ®) અને હિસ્ટામાઇન-2 બ્લૉકર (જેમ કે Zantac®) નો સમાવેશ થાય છે. વધુ માહિતી માટે તમારા હેલ્થકેર પર્દાતાને પૂછો.

બિસાકોડીલ ટેબ્લેટ્સ તમે તેને લીધા પછી લગભગ 6 થી 8 કલાક પછી તમને આંતરડાની હિલચાલ (મળ) કરાવશે. આ તમને સ્ટેપ 2 અને સ્ટેપ 3 માં લેક્સેટિવને વધુ સારી રીતે કામ કરવામાં મદદ કરશે. તમે આ ગોળીઓ લઈ શકો છો અને હજી પણ સામાન્ય પર્વૃત્તિઓ કરી શકો છો. તેઓ ભાગ્યે જ ઝાડા (ઢીલો અથવા પાણીયુક્ત મળ) નું કારણ બનશે.

## પગલું 2: મિરાલેક્સ મિશર્ણનો પર્થમ ભાગ

**બપોરે 1 વાગ્યે, મિરાલેક્સ મિશર્ણનો અડધો ભાગ પીવો.**

- તેનો સ્વાદ ઓછો લાગે એ માટે તમે એને સ્ટરૉ વડે પી શકો છો.
- આ રેચક છે, તેથી તમારે વધુ વખત આંતરડાની હિલચાલ (મળ પસાર કરવાનું) શરૂ થવું જોઈએ. જેમ જેમ તમે તમારી આંતરડાની તૈયારી ચાલુ રાખશો તેમ તેમ તમારું મળ વધુ ને વધુ ઢીલું અને સ્પષ્ટ થતું જશે. તમે બાથરૂમની નજીક રહેવા માંગશો. લેક્સેટિવ કામ કરવાનું શરૂ કરે એ માટે લાગતો સમય દરેક વ્યક્તિ માટે અલગ-અલગ હોઈ શકે છે.
- જો તમારે પગલું 2 પૂણર્ કયાર્ પછી 2 કલાકની અંદર આંતરડાની હિલચાલ (મળ પસાર કરવાનું) શરૂ ન થાય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને કૉલ કરો.
- દરેક વખતે ઝાડો આવ્યા પછી તમારા મળાશયની આજુબાજુની ત્વચા પર પેટર્ોલિયમ જેલી (Vaseline®) અથવા A & D® ઓઈન્ટમેન્ટ લગાડો. આ બળતરા થતી અટકાવવામાં મદદ કરે છે.

આગામી બીજા 2 કલાકમાં ઓછામાં ઓછું 4 થી 6 કપ (32 થી 48 ઔંશ) શુદ્ધ પર્વાહી પીઓ.

## પગલું 3: મિરાલેક્સ મિશર્ણનો બીજો અડધો ભાગ

**સાંજે 4 વાગ્યે, મિરાલેક્સ મિશર્ણનો બીજો અડધો ભાગ પીવો. તમે પહેલા અધર્માં પીધું હતું તે જ રીતે પીવો.**

## પગલું 4: પર્વાહી બેરિયમ સલ્ફેટ સસ્પેન્શન

**સાંજે 5 વાગ્યે, પર્વાહી બેરિયમ સલ્ફેટ સસ્પેન્શનની બોટલ પીવો.**

## પગલું 5: આયોહેક્સોલ

**સાંજે 7 વાગ્યે, આયોહેક્સોલની બોટલ પીવી.**

- તમે 8 ઔંશ સાફ જ્યુસ, પાણી કે સોડા સાથે લોહેક્સોલ મિક્સ કરી શકો છો. તમે પહેલા લોહેક્સોલ અને પછી એના ઉપર 8 ઔંશ શુદ્ધ જ્યુસ, પાણી કે સોડા પી શકો છો.
- પ્લાસ્ટિકની બોટલમાં ટોચ પર ખેંચવાનું ટેબ હોય છે, પરંતુ તમારે તેને ખેંચવાની જરૂર નથી. એના કરતા તેને દૂર કરવા ઉપરનો આખો ભાગ મરોડીને ફેરવો. કોન્ટ્રાસ્ટ પીતા પહેલા બ્લેક રબર સ્ટોપર ઉતારી લો.
- આયોહેક્સોલ બોટલ કહે છે કે તે ઈન્જેક્શન માટે છે, પરંતુ તમે તેને પી પણ શકો છો. અમે ઇચ્છીએ છીએ કે તમે તેને પીવો જેથી તે તમારા VCના સમય સુધીમાં તમારા કોલોનમાં હોય.

હવે તમારું મળ વધુ પર્વાહી અને પીળું-સ્પષ્ટ હોવું જોઈએ. આ એવો સંકેત છે કે તમારા આંતરડા હવે સાફ થઈ રહ્યા છે. જો તમારા આંતરડા સાફ ન થઈ રહ્યાં હોય, તો 212-639-7280 પર કૉલ કરો અને નસર્ અથવા કૉલ પરના વ્યક્તિ સાથે વાત કરવાનું કહો.



**મધરાત પછી પાણીની નાની ચુસ્કી સાથે તમારી દવાઓ સિવાય કંઈપણ ખાવું કે પીવું નહીં.**

# તમારી પર્ક્રિર્યાનો દિવસ

પાણીના થોડા ઘુંટ સાથે તમે ડૉક્ટરે લખી આપ્યા મુજબ સામાન્યપણે તમારે દરરોજ લેવાની દવાઓ લઈ શકો છો.

## શું અપેક્ષા રાખવી

ઘણા સ્ટાફ સભ્યો તમને તમારું નામ અને જન્મ તારીખ કહેવા અને જોડણી કરવા માટે કહેશે. આ તમારી સલામતી માટે છે. સરખા અથવા સમાન નામ ધરાવતા લોકોની એક જ દિવસે સજર્રી થઈ શકે છે.

જ્યારે તમારી પર્કિર્યા બદલવાનો સમય આવશે, ત્યારે તમને પહેરવા માટે હોસ્પિટલનો ઝભ્ભો મળશે.

તમને CT પરીક્ષણ રૂમમાં લઈ જવામાં આવશે જ્યાં તમને CT ટેબલ પર સૂવડાવવામાં આવશે. તમારા મળાશયની અંદર એક નાનકડી ટ્યુબ મૂકવામાં આવશે અને તમારા પગ કે કુલ્હાની વચ્ચે સ્થિર કરવામાં આવશે. તમને એમ લાગશે કે તમારા મળાશયની તપાસ થઈ રહી છે. ટ્યુબ તમારા કોલોનને હવા અથવા ગેસથી ફુલાવી દેશે જેથી તમારા ટેક્નોલોજિસ્ટ તેની અંદર જોઈ શકે. તમારા ટેક્નોલોજિસ્ટ તમને થોડી વાર પોઝિશન બદલવા માટે કહેશે. આ તમારા કોલોનમાં હવા અથવા ગેસને ખસેડવામાં મદદ કરવા માટે છે. તમે તમારા પડખા પર, પીઠ પર અને પેડુ (પેટ) પર સૂઈ રહેશો.

VC પીડાદાયક નથી, પરંતુ તમે થોડું પેટનું ફૂલવું, અસ્વસ્થતા અથવા ખેંચાણ અનુભવી શકો છો. તમને એવું પણ લાગશે કે તમને આંતરડાની હિલચાલ થઈ રહી છે. તમારે પર્ોસીઝર પછી તમને આવી કોઈ અનુભૂતિ નહીં થાય.

જ્યારે સીટી સ્કેનર ચિત્રો લે છે ત્યારે તમારા ટેક્નોલોજિસ્ટ તમને લગભગ 10 સેકન્ડ માટે તમારા શ્વાસને રોકવા માટે કહેશે. તેઓ ઓછામાં ઓછી 2 જુદી જુદી સ્થિતિમાં તમારા પેટ અને પેલ્વિસના ચિત્રો લેશે. આ સામાન્ય રીતે જ્યારે તમે તમારી પીઠ અને પેટ પર હો ત્યારે થાય છે.

# તમારી પરોસીઝર પછી

- તમારી પ્રક્રિયા પછી તમે તમારા સામાન્ય આહાર પર પાછા જઈ શકો છો.
- તમે તમારા પેટમાં થોડો ખેંચાણ અનુભવી શકો છો. તમારી પરોસીઝર દરમિયાન ઉપયોગ થતાં ગેસને લીધે આમ થાય છે. ચાલવાથી ગેસ છૂટો પડવામાં અને તમારા ખેંચાણને ઓછું કરવામાં મદદ મળી શકે છે.
- તમારા પરિણામો મેળવવામાં સામાન્ય રીતે 2 થી 3 કામકાજી દિવસો (સોમવારથી શુક્રવાર) લાગે છે. જ્યારે પરિણામો તૈયાર થઈ જશે ત્યારે જે ડૉક્ટરે તમને તમારા VC માટે જે ડૉક્ટરે તમને મોકલ્યા હતા તે તમને કોલ કરશે.

# તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતાને ક્યારે કોલ કરવો

જો તમને નિમ્નલિખિત હોય તો તમારા હેલ્થકેરને કોલ કરો:

- 101°F (38.4°C) અથવા તેથી વધુ તાવ.
- પેટમાં દુખાવો, હળવા ખેંચાણ સિવાય.
- તમારા ગુદામાગર્માંથી રક્તસ્ત્રાવ, તમારા VCના 24 કલાક પછી ટોઇલેટ પેપર પર થોડી માત્રામાં લોહી સામાન્ય છે.
- નબળાઈ અથવા ચક્કર.
- ઉબકા (તમને ઉલ્ટી થઈ જશે એવી લાગણી).
- ઉલટી (ઉલટી કરવી).

# આંતરડાની સફાઈ માટેનું સમયપત્રક

તમે દરેક દવા લો છો તે સમય લખવા માટે આ કોષ્ટકનો ઉપયોગ કરો.

| પગલું | નિધાર્રિત સમય | ખરેખર લાગેલ સમય | લેવાની દવા(ઓ) |
|---|---|---|---|
| 1 | સવારે 9 વાગ્યા પહેલા | | • 2 (5 મિલિગ્રામ) બિસાકોડિલ ગોળીઓ લો. |
| 2 | બપોરે 1 વાગ્યે | | • મિરાલેક્સ મિશ્રણનો અડધો ભાગ (32 ઔંસ) પીવો. |

| | | | |
|---|---|---|---|
| 3 | સાંજે 4 વાગ્યે | | • મિરાલેક્સ મિશ્રણનો બીજો અડધો ભાગ (32 ઔંસ) પીવો. |
| 4 | સાંજે 5 વાગ્યે | | • પર્વાહી બેરિયમ સલ્ફેટ સસ્પેન્શનની 1 (225 મિલીલીટર) બોટલ પીવો. |
| 5 | સાંજે 7 વાગ્યે | | • આયોહેક્સોલની 1 (50 મિલી) બોટલ પીવો.<br>• તમે આને 8 ઔંસના સ્પષ્ટ પર્વાહી સાથે મિક્સ કરી શકો છો અથવા આયોહેક્સોલ પી શકો છો અને પછી 8 ઔંસનું સ્પષ્ટ પર્વાહી પી શકો છો. |

If you have questions or concerns, contact your healthcare provider. A member of your care team will answer Monday through Friday from 9 a.m. to 5 p.m. Outside those hours, you can leave a message or talk with another MSK provider. There is always a doctor or nurse on call. If you're not sure how to reach your healthcare provider, call 212-639-2000.

વધુ રિસોસર્ માટે, અમારી વચ્યુર્અલ લાઈબ્રેરી www.mskcc.org/peની મુલાકાત કરો


તમામ અધિકાર અને માલિકી હક મેમોરિયલ સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર દ્વારા આરક્ષિત છે